# ૨૨ મે –૨૦૧૬ (રવિવાર)

**(૧) કેન્દ્રની 'દિવ્યાંગો' માટેની સુવિધા :**

- તાજેતરમાં કેન્દ્ર સરકારે દેશના ૫૦ શહેરોમાં ૧૦૦ ઇમારતો, દિવ્યાંગ માટે અવરજવરની સુવિધા સાથે બનાવવાની જાહેરાત કરી છે.
- આ અંતર્ગત રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, અને રાજકોટનો સમાવેશ કરાયો છે.
- આ નગરનો નમૂનારૂપ બિલ્ડિંગોને ટ્રાઇસિકલ સાથે લિફ્ટમાં જઇ શકાય કે ટ્રાઇસિકલ સાથે તે બિલ્ડિંગમાં પ્રવેશી શકાય અને સરદાર પોતે આંગળીઓથી બ્રેઇલ લિપીમાં ઓળખીને આવજાવ કરી શકે તેવી ડિઝાઇન હશે.
- કેન્દ્ર સરકારના આદેશ મુજબ અપંગને હવે 'દિવ્યાંગ'થી ઓળખવામાં આવશે.
- દિવ્યાંગોને યુનિવર્સલ આઇકાર્ડ આપવાનું પણ નક્કી કરાયું છે. જે સમગ્ર દેશમાં માન્ય ગણાશે.

**(૨) રાજ્ય સરકારની જાહેરાત**

- મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિકલાંગતા પ્રમાણપત્રની મુદત આજીવન કરવાની જાહેરાત કરી જેનો અમલ શરૂ થશે.
- ગુજરાત સરકારે દિવ્યાંગો માટે રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાની માંગણી કરી હતી જેનો કેન્દ્રએ સ્વિકાર કરતા આગામી સમયમાં આ સંસ્થાની સ્થાપના થશે.
- આ સંસ્થા દિવ્યાંગોના અભ્યસ અને સંશોધન માટે કામ કરશે.

**(૩) રેલ હમસફર સપ્તાહ :**

- આગામી ૨૬ મે થી ૧ જૂન સુધી રેલવે હમસફર સપ્તાહની ઉજવણી કરશે.
- આ સપ્તાહ અંતર્ગત રેલવે અલગ-અલગ દિવસની ઉજવણી કરશે જે નીચે મુજબ છે.

  ૨૬ મે – સ્વચ્છતા દિવસ
  ૨૭ મે – સત્કાર દિવસ
  ૨૮ મે – સેવા દિવસ
  ૨૯ મે – સતર્કના દીવસ
  ૩૦ મે – સામંજસ્ય દિવસ
  ૩૧મે – સંયોજના દિવસ
  ૧ જૂન – સંચાર દિવસ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧